# મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ગોધરા દ્વારા ટ્રાન્સફર ઓફ ટેક્નોલોજી અંતર્ગત ખેડૂત શિબિર યોજાઈ

પંચમહાલ જીલ્લાના મુખ્ય પાક એવા મકાઈપાકના વધુ ઉત્પાદન માટે મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ગોધરા દ્વારા ગામ-તરવડી, તાલુકો-ગોધરા ખાતે તા.૦૯/૦૮/૨૦૧૯ ના રોજ ટ્રાન્સફર ઓફ ટેક્નોલોજી અંતર્ગત ખેડૂત "શિબિર યોજવામાં આવી.

ખેડૂતોને મકાઈની આધુનિક તાંત્રિકતાઓથી વાકેફ કરવા એ ખુબ જ અગત્યનું હોઈ આ અંગેની તાલીમ આપવા માટે ટ્રાન્સફર ઓફ ટેક્નોલોજી અંતર્ગત ખેડૂત "શિબિરનું આયોજન કરવામાં આવ્યું જેમાં ૫૫ જેટલા ખેડૂતભાઈઓ-બહેનોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો. આ ખેડૂત શિબિરમાં અત્રેના કેન્દ્રના મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક ડૉ.પી.કે.પરમાર (પ્લાન્ટ બ્રિડર) એ મકાઈની મુલ્ય વર્ધિત તથા સંયોજિત અને સંકર જાતોની માહિતી આપી હતી.

શ્રી.કે.એચ.પટેલે, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (એગ્રોનોમી) દ્વારા મકાઈની નફાકારક અને વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ અંગેના ચાવીરૂપ મુદ્દાઓ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવેલ હતી તેમજ નીંદામણ નિયંત્રણ કરવા પર ભાર મુકેલ હતો. ડૉ.એસ.કે.સીંધ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (પ્લાન્ટ- પેથો) દ્વારા મકાઈમાં આવતા રોગો વિષે તેમજ મકાઇ પાકમાં આવતી નવી જીવાત લશ્કરી ઇયળ (પૂછડે ચાર ટપકા વાળી) ની ઓળખ અને તેના નિયંત્રણ અંગે વિગતવાર માહિતી આપેલ હતી.

શ્રી.ડી.એમ.રાઠોડે, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (વિસ્તરણ) દ્વારા મકાઈ પાકમાં જૈવિક ખાતરનું મહત્વ તથા બાયોફર્ટીલાઈઝરનો ઉપયોગ કરી રસાયણિક ખાતરનો વપરાશ ઓછો કરીને ખેતી ખર્ચ ઘટાડવા માટે અનુરોધ કર્યો હતો તેમજ મકાઈમાં ક્ષેત્રીય નિદર્શનથી થતા ફાયદાઓ વિષે વિસ્તૃતમાં માહિતી આપી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી.ડી.એમ.રાઠોડે કરેલ હતું. કાર્યક્રમની અંતે ખેડૂતભાઈઓ-બહેનોના ખેતીને લગતા પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવેલ હતું.


